| QDB-49 | This Question Booklet Contains 4 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

**Subject: કાયદો (Main Examination)** **Conventional Paper**

**Medium: Gujarati**

| સમય : 3 કલાક<br>કુલ ગુણ : 200 | Time : 3 Hrs.<br>Total Marks : 200 | ઉમેદવારનો બેઠક નંબર |
|---|---|---|

સૂચના: (1) પ્રશ્નપત્ર A, B અને C ભાગમાં છે. પ્રત્યેક ભાગમાં લખવાના પ્રશ્નો તથા તેના ગુણ આપવામાં આવેલ છે.

(2) પ્રત્યેક ભાગમાં પ્રશ્નોના જવાબ એક સાથે - સળંગ ક્રમવાર જવાબવહીમાં લખવાના રહેશે. તેમજ એક ભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા ભાગના પ્રશ્નોના જવાબ લખવા નહીં. જો આ રીતે એક ભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા ભાગના પ્રશ્નોના જવાબ લખેલા હશે તો તે તપાસવામાં આવશે નહીં.

(3) ભાગ A, B અને C માં ના પ્રશ્નોના જવાબ નિર્ધારિત શબ્દોમાં લખવા.

(4) જો અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ પ્રશ્નો અને તેના ગુજરાતી અનુવાદમાં તફાવત જણાય તો, અંગ્રેજી ભાષાનો પ્રશ્ન તે માટે માન્ય ગણવાનો રહેશે.

(5) ઉત્તર અંગ્રેજી અથવા ગુજરાતી બે પૈકી આપે વિકલ્પ આપેલ એક જ ભાષામાં લખવાના રહેશે. બંને ભાષામાં જવાબો એક સાથે લખી શકાશે નહીં.

---

## વિભાગ - A

**(40 Marks)**

સૂચના : 1) પ્રશ્નપત્ર ક્રમાંક 1 થી 20.
2) બધા જ 20 પ્રશ્નોના જવાબો લખવાના છે.
3) દરેક પ્રશ્નોના 2 ગુણ છે.
4) જવાબ આશરે 20 થી 30 શબ્દોમાં લખવા.

**001.** શું ભારતીય બંધારણનાં આમુખને બંધારણનાં ભાગ તરીકે વંચાણે લેવાનું છે?

**002.** "ચોરી" અને "બળજબરીથી કઢાવી લેવું" વચ્ચે શું તફાવત છે?

**003.** "પૂર્વનિર્ણિતવાદ" સમજાવો.

**004.** 'સાક્ષ્યના વિરુદ્ધનો નિયમ' શું છે?

**005.** જ્યારે પ્રતિવાદી અન્ય રાજ્યમાં રહેતો હોય ત્યારે સમન્સની બજવણી અંગેનો અમલી કાયદો સમજાવો.

**006.** સમજાવો - "વાદયોગ્ય દાવાઓ"

RIJADEJA.com

007. સમજાવો - "અત્યંત શુભનિષ્ઠા"

008. "કાયદાની સત્તા સિવાય મિલકતથી વંચિત નહીં કરવાનો અધિકાર" એ મૂળભૂત અધિકાર છે કે બંધારણીય અધિકાર?

009. શું 'કાનૂની સહાયનો અધિકાર' મૂળભૂત અધિકારનો ભાગ છે?

010. શું ભારતીય બંધારણનાં અનુચ્છેદ 32 અને અનુચ્છેદ 226 હેઠળની રીટ અરજીને દીવાની કાર્યવાહી સંહિતા, 1908ની કલમ 80 નાં અર્થમાં દાવો ગણી શકાય?

011. અપકૃત્યજન્ય જવાબદારી ન લાદતા હોય તેવા ચાર સામાન્ય બચાવો જણાવો.

012. 'ગેરકાયદેસર કેદ' નાં તત્વો જણાવો.

013. ભારતીય બંધારણનાં ક્યા અનુચ્છેદને 'બંધારણનાં આત્મા' તરીકે વર્ણવામાં આવેલ છે?

014. ક્યારે હકીકતો 'સાબિત', 'ગેરસાબિત' અને 'બિનસાબિત' કહેવામાં આવે છે?

015. કોઈપણ ચાર મૂળભૂત ફરજો જણાવો.

016. 'ગુનાહિત કાવતરું' સમજાવો.

017. અવેજ વિનાની સમજૂતીઓ સમજાવો.

018. નિર્દોષ વ્યક્તિઓને ઈજા થવાનું જોખમ હોય ત્યારે પ્રાણઘાતક હુમલા સામે ખાનગી બચાવનાં અધિકારનો શું વ્યાપ છે?

019. સ્વૈચ્છિક ભાગીદારી સમજાવો.

020. ભારતીય બંધારણમાં ક્યા બંધારણીય સુધારા દ્વારા 'મૂળભૂત ફરજો' દાખલ કરવામાં આવી અને ક્યારે તેમને કાયદાની અદાલતો દ્વારા કાર્યાન્વિત કરવામાં આવી?

## વિભાગ - B **(60 Marks)**

સૂચના : 1) પ્રશ્નપત્ર ક્રમાંક: 21 થી 32
2) બધા જ 12 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3) દરેક પ્રશ્નોના 5 ગુણ છે.
4) જવાબ આશરે 50 થી 60 શબ્દોમાં લખવા.

021. વિધિવિધાન અને પૂર્વનિર્ણયને કાયદાનાં ઉદ્દગમ સ્થાન તરીકે સમજાવો. પૂર્વનિર્ણય કરતાં વિધિવિધાનનાં લાભોની ચર્ચા કરો.

022. લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013 ની ટીકાત્મક ચકાસણી કરો.

RIJADEJA.com

Q23. "મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણના અંતરાત્માનું સર્જન કરે છે..." "મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પરસ્પર વિરુદ્ધ નથી, તેમજ એકબીજાના પૂરક છે." ઉચિત નિર્ણયની સહાયમાં મૂળભૂત અધિકારો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેના સંબંધની ચર્ચા કરો.

Q24. કબજાનાં તત્ત્વો સમજાવો. શું ચોર કબજો ધરાવી શકે?

Q25. વિવિધ પ્રકારની મીલ્કતોની ચર્ચા કરો.

Q26. સંઘીય સત્તાની વહેંચણીના સંદર્ભમાં ક્યારે સત્વ અને સારનો સિદ્ધાંત અમલી બને છે તેની ચર્ચા કરો.

Q27. અપકૃત્યોના કાયદામાં જાહેર સેવકોની જવાબદારીનાં શું પરિમાણો છે?

Q28. ભારતીય બંધારણનાં અનુચ્છેદ 19(2) હેઠળ 'વ્યાજબી નિયંત્રણો' સંબંધી સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરો.

Q29. ઉચિત કેસ લૉની મદદથી 'ઇચ્છા મૃત્યુ'નાં આવશ્યક તત્ત્વોનું વર્ણન કરો.

Q30. 'ચુસ્ત જવાબદારી' અને 'નિરપેક્ષ જવાબદારી' તફાવતને ચુકાદાઓના અવલોકન સાથે સમજાવો.

Q31. શું ભારતીય બંધારણમાં ફેરફાર કરવાની સંસદની સત્તા કોઈ નિયંત્રણ વિનાની છે? ચર્ચા કરો.

Q32. 'કટોકટીનું જાહેરનામું' શું છે? ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલ મૂળભૂત અધિકારો ઉપર આવા જાહેરનામાની પડતી અસરો સમજાવો.

## વિભાગ - C (100 Marks)

સૂચના : 1) પ્રશ્નપત્ર ક્રમાંક: 33 થી 39

2) નીચેના 7 પૈકી ગમે તે 5 પ્રશ્નોનાં જવાબો લખવાનાં છે.

3) દરેક પ્રશ્નોના 20 ગુણ છે.

4) જવાબ આશરે 200 શબ્દોમાં લખવા.

Q33. 'કાયદો એ શાસનકર્તા (રાજા)નો આદેશ છે.' ઓસ્ટીનની કાયદાની વિચારસરણીનું ટીકાત્મક મુલ્યાંકન કરો. શું તમે સંમત છો કે બધા કાયદાઓ આદેશ ન હોઈ શકે? ઉચિત ઉદાહરણો સાથે તેની ચર્ચા કરો.

Q34. અ) પ્રત્યાયુક્ત વિધિનિર્માણનાં અર્થ અને મહત્વની ચર્ચા કરો. તેના દુરૂપયોગને નિયંત્રિત કરવાનાં ઉપાયો ક્યા છે?

બ) નિર્ણિત કેસોની મદદથી કુદરતી ન્યાયનો સિદ્ધાંત સમજાવો.



RIJADEJA.com

Q35. ભારતીય બંધારણે ન્યાયતંત્રની સ્વતંત્રતાને કઈ રીતે સંરક્ષિત કરેલ છે. તે બંધારણીય જોગવાઈઓ તથા સર્વોચ્ચ અદાલતનાં ચૂકાદાઓની મદદથી સમજાવો.

Q36. અ) 'કરારની નિષ્ફળતા' નો અર્થ શું છે? ઉપરોક્ત વિષય સંબંધી ભારતીય કાયદાની નિર્ણિત કેસોની મદદથી ચર્ચા કરો.

બ) જામીન કોણ છે? જામીનની જવાબદારીઓની ચર્ચા કરી ક્યા સંજોગોમાં તે મુક્ત થઈ શકે છે તે સમજાવો.

Q37. ભારતીય બંધારણનાં અનુચ્છેદ 21 ની વિસ્તરતી ક્ષિતિજોની ઉચિત ન્યાયિક ચૂકાદાઓ ટાંકી ચર્ચા કરો.

Q38. અ) જાહેર શાંતિ અને સુલેહ જાળવવા માટે એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટની સત્તાની ચર્ચા નીચેનાં કેસોમાં કરો.

(1) ગેરકાયદેસર મંડળી (2) જાહેર ઉપદ્રવ

(3) ફોજદારી કાર્યરીતિ સંહિતા, 1973 અન્વયે ઉપદ્રવ અથવા ધરપકડનાં ભય અંગેના તાકીદના કેસોમાં

બ) ઉચિત કેસો ટાંકી 'ગેરકાયદેસર મંડળી' અને 'હુલ્લડ' વચ્ચેનો તફાવત વર્ણવો.

Q39. ભારતીય બંધારણનાં અનુચ્છેદ 356ની જોગવાઈઓ લાગુ પાડવાનાં યોગ્ય તથા અયોગ્ય કારણોની ચર્ચા કરો.

RIJADEJA.com